

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

## સલામી સવારની..

*છે ભારતનો છેક ભાગ, કાશ્મીરીઓ ભૂલવામાં છે,*
*ખૂટલ પ્રજાનાં ઘણાં રહસ્યો હજી ખૂલવાનાં છે.*
*ફૂલવામાં છે છાતી, આતંકીઓ પ્રત્યે અનુકંપાથી -*
*ફૂટેલ પ્રજા છે શોકગ્રસ્ત, સાબિતી પુલવામા છે...*

### હાઈકુ

*પથ્થર બાજી,*
*બંધ અને નારાઓ -*
*છે બેવફાઈ...*

*કાશ્મીરી પ્રજા,*
*કાયા અહીં આત્મા ત્યાં -*
*નખ વેગડા...*

## ચિંતન

**શારીરશ્ચોભયે પિ હિ ભેદેનૈનમધીયતે ।**

**ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**જડ પ્રકૃતિ જો અંતર્યામી ના હોય તો જીવાત્મા તો ચેતન છે, એને અંતર્યામી ના કહી શકાય ? ના કારણ કે વેદની માધ્યંદિની અને કાણ્વ બંને શાખાવાળા પંડિતો અંતર્યામીને જીવાત્માની પણ અંદર રહીને એનું નિયમન કરનાર માને છે એ સંબંધી એમનામાં કોઈ પણ પ્રકારનો મતભેદ દેખાતો નથી. જીવાત્મા જ જો અંતર્યામી હોત તો એને માટે જીવાત્માની અંદર રહીને એવો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં ના આવ્યો હોત.**

**શંકરાચાર્ય જણાવે છે કે 'જે જીવાત્માની અંદર રહેનાર, જીવાત્મા છે, જેને જીવાત્મા નથી જાણતો, જીવાત્મા જેવું શરીર છે અને જીવાત્માની અંદર રહીને જીવાત્માનું નિયમન કરે છે, તે તમારો આત્મા અંતર્યામી અમૃત છે.' આ વર્ણન પરથી જીવાત્મા અંતર્યામી નથી એની ખાતરી થાય છે.**

## સુવિચાર

- દુનિયા સામે બાથ ભીડવી હોય તો અપંગ થવું ન પોસાય - **સરદાર પટેલ**
- જ્યાં સુધી જીવો છો, જીવન છે, ત્યાં સુધી જીવવાની કળા શીખ્યા કરો - **એસ. ભટ્ટાચાર્ય**
- ઈશ્વર અચળ સત્ય છે, તેનું વિશ્વ કદી અરાજક નહીં થઈ શકે - **જનકલ્યાણ**
- માણસ પોતે પોતાના કાર્ય વિશે બોલે,
  એના કરતા તેનું કાર્ય પોતે જ બોલી ઊઠે એમાં જ સિદ્ધિના દર્શન થાય છે - **વજુ કોટક**
- મનુષ્યમાં જે સંપૂર્ણતા ગુપ્તરૂપે વિદ્યમાન છે, તેને પ્રત્યક્ષ કરવી એ જ કેળવણીનું કાર્ય છે - **વિવેકાનંદ**
- તમે ચાહો એવા બીજા ન બને તો ગુસ્સો ન થતા,
  તમે પોતે જ તમે ચાહો છો એવા કયાં થઈ શકો છો - **સંત રોબિન**
- આજનું ઔષધ : કાળામરી સાત દાણાની સાર્થ સર્પગંધા ચૂર્ણ એક ગ્રામ ગુલાબજળમાં વાટીને રાત્રે લેવાથી ઉન્માદમાં રાહત થશે. ***(સંકલન : દિપક વી. આશરા)***

## બોધકથા

સુંદરપુરના રાજા વ્રજબાહુએ પ્રજાના હિતમાં ઠેકઠેકાણે, તળાવ, ધર્મશાળાઓ, ગૌશાળાઓ અને મંદિર બંધાવ્યા. તેમની આખા રાજયમાં પ્રજાવત્સલ શાસક તરીકે નામના ફેલાઈ હતી. આમ છતાં રાજા વજ બાહુ મનથી ખૂબ અશાંત રહેતા, સરખું ઊંધી શખતા ન હતા.

એકવાર જંગલમાં ગયા ત્યાં એક સંત મળ્યા. રાજા વ્રજબાહુએ સંતને કહ્યું, 'મહાત્મા, મેં મારા રાજયમાં યથાશક્તિ તળાવ, ધર્મશાળા, ગૌશાળા, મંદિરો બંધાવ્યા છે. મારી પ્રેરણાથઈ થયેલા આવા ધાર્મિક કાર્યો પર મારા નામની તકલી લગાવેલી છે. જે મારા આવા કાર્યોની સાક્ષી છે. પ્રજાની આટલી સેવા કર્યા છતાંયે મારું મન અશાંત કેમ રહે છે ?'

સંતે કહ્યું 'રાજન !! એ સાચું છે કે તમે અનેક પુણ્યકાર્ય કર્યા છે, પરંતુ તમારા અનુચરોએ જે તમારા નામની તકતીઓ લાગવી છે, તેનાથી તે પુણ્યકર્મોનું શમન પણ થઈ ગયું છે, સેવા કાર્યમાં અહંકારનું પ્રદર્શન જ અશાંતિનું કારણ છે, આ બંને સાથે રહી શકતા નથી.'

# સંકલ્પસિદ્ધિનો રણટંકાર

**તંત્રીસ્થાનેથી...**

પાટનગરની કડકડતી ઠંડીમાં મિશન ૨૦૨૬ : ગ્લોબલ પાટીદાર બિઝનેશ સમિટનો પ્રારંભ થયો અને ગુજરાતની જીવનરેખા સમી આ મહાજાતિના મહારથીઓએ ગુજરાતના કર્ણધારોની ઉપસ્થિતિમાં આગામી દસ વરસ દરમિયાન સમાજના દસ હજાર ઉદ્યોગ એકમોના આંતરિક અને વૈશ્વિક જોડાણ મારફત દસ લાખ યુવાનો માટે ધંધો-રોજગારની તકોનું નિર્માણ કરવાનો સંકલ્પ કર્યો છે. દેશવિદેશના દસ હજાર પાટીદાર ઉદ્યોગપતિઓએ આગામી દસ વર્ષના ગાળામાં સરકાર અને વહીવટી ક્ષેત્રમાં દસ હજાર પાટીદાર યુવાનોને મોકલવા માટે એમને દત્તક લેવાની બાંયેધરી આપી છે. મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને ગુજરાતમાં વિપક્ષના નેતા સહિત પાટીદાર સમાજના તમામ નામાંકિત આગેવાનોની હાજરીમાં 'સરદારધામ' ના નેજા હેઠળ મળેલ આ ઐતિહાસિક અધિવેશનમાં સમાજની મુખ્ય આઠ સંસ્થાઓએ એમઓયુ કરીને પાટીદાર સમાજના ઉત્કર્ષ માટેની રણનીતિ બનાવી છે. દર બે વર્ષે આવી શિખર પરિષદોનું આયોજન કરી સમાજના તમામ સ્તરના લોકોને કોન્સ્ટેબલ અને તલાટીથી લઈ આઈએએસ સુધી પહોંચાડવા માટે તથા ઉદ્યોગ-ધંધામાં જોતરવા માટેના શુભ આશય સાથે એકત્ર થયેલ પાટીદારો સમક્ષ બિન પાટીદાર મુખ્યમંત્રીએ પણ એમને પાટીદારોએ પોતીકા ગણ્યા એ બદલ ગૌરવ અનુભવ્યું છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુજરાતના પાટીદાર સમાજમાં એક જુદી જ જાતની ચેતના સળવળતી રહી છે. પોતાની અપાર કાર્યદક્ષતા અને વસતિના પ્રમાણમાં ગુજરાતના રાજકારણમાં પોતાનો અવાજ નબળો પડી રહ્યાનો અહેસાસ થતાં સમાજના વિવિધ વર્ગોમાં અસંતો, અને પ્રત્યાઘાતી વલણ જોવા મળતું રહ્યું છે. ઓબીસીમાં સમાવિષ્ઠ જ્ઞાતિ સમુદાયો પોતાને મળતી તકો ઝૂંટવી લેતા હોવાની પ્રબળ લાગણીની ફલશ્રુતિ રૂપે શરૂ થયેલ પાટીદાર અનામત આંદોલન અનેક પડકારો વચ્ચે પણ આગળ ધપતું રહ્યું છે. હાર્દિક પટેલ અને લાલજી પટેલ જેવા નવયુવાનોનાં નામ જાહેરજીવનમાં ગાજતાં થયાં છે અને ભાજપ અને કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષોએ પણ પાટીદાર સમાજને પોતની પડખે લેવા માટે અણગમતાં સમાધાન કરવાં પડ્યાં છે. આ 'પટેલ પાવર' ગુજરાતના રાજકારણમાં છેક શરુઆતથી જ અસરકારક રહ્યો છે. ગુજરાતના ભદ્રવર્ગના નેતાઓએ સરદાર પટેલનું શરણું મને-કમને લેવું જ પડ્યું છે. સરદાર પટેલે સ્વાતંત્ર્ય ચળવળ દરમિયાન બારડોલી સત્યાગ્રહનું નેતૃત્વ કરી અંગ્રેજ રાજને પણ પાટીદારનું પાણી બતાવી દીધું હતું. ગાંધીજી તો સર્વમાન્ય સંત કોટિના રાષ્ટ્રપુરુષ હતા, પરંતુ એમને માટે સરદાર પટેલ જમણા હાથ જેવા હતા. ગુજરાતમાં 'સ્વતંત્ર પક્ષ'ની સ્થાપના કરનાર ભાઈકાકા અને એમના સમર્થનમાં રહેલ આઈસીએસ અધિકારી એચ. એમ. પટેલથી લઈ બાબુભાઈ જશભાઈ તથા ચિમનભાઈ પટેલ અને કેશુભાઈ પટેલ સુધીના પાટીદાર આગેવાનોની બોલબાલા રહ્યાં છતાં મોદી શાસન દરમિયાન પાટીદાર સમાજ સત્તાથી વેગળો ફેંકાઈ ગયાની પ્રતીતિ ઘણા પાટીદાર નેતાઓ અને સામાજિક સંસ્થાઓ અનુભવી ચૂક્યાં છે. એની પ્રતીક્રિયા સ્વરુપે જ પાટીદાર અનામત આંદોલન ઊભું થયું હતું, એ કહેવાની જરૂર ખરી ? આનંદીબેન પટેલને ગુજરાતની ધુરા સોંપાયા પછી પણ એ લાગણી કાયમ રહેવા પામી હતી. રાજકારણમાં પુનઃ સ્થાપનના પ્રયાસોમાં પાટીદાર સમાજને ધારી સફળતા નથી સાંપડી શકી, પરંતુ એની પાસે ઊંઝા માર્કેટ યાર્ડથી લઈ વિદેશમાં મેડિકલ ક્ષેત્રે ૨૦૦ મિલિયન ડૉલરનું દાન આપનારા ઉદ્યોગોપતિઓ છે, તે હવે જંપીને બેસી શકે તેમ નથી. આ 'અસ્મિતા'ની જ લડાઈ છે, જે પાટીદાર સમાજ આજે નહીં તો કાલે જીતીને જંપશે. ગુજરાતમાં જ નહીં બલકે દેશમાં ભારતીય જનતા પાર્ટીના શાસન પાછળ પાટીદાર સમાજનો સિંહફાળો છે. એની પાસે સુરતની ભવ્ય ઈકોનોમી છે તો વળી વિશાળ જમીનસંપદા છે. તે બધાથી ઉપરવટ ઉત્તમ પ્રકારની મેધા (બ્રેઈન) છે. આગામી વર્ષોમાં પાટીદાર સમાજ ફરી એકવાર ગુજરાતમાં જ નહીં બલ્કે દેશ અને દુનિયામાં છવાઈ જવા કૃતસંકલ્પ છે. અલબત્ત, એની આ પ્રગતિકૂચમાં એને 'ઓબીસી' વર્ગોનો પડકાર પણ ઝીલવો પડશે. પંરતુ પાટીદાર મૂળભૂત રીતે દાતા છે, એટલે આ 'જગતના તાત'ને એની સંકલ્પસિદ્ધિ પ્રાપ્ત કરવામાં ભાગ્યે જ કોઈ નડી શકશે.

# જીવનને જોવાની દૃષ્ટિ

પ્રો. ડો. અંબાલાલ પ્રજાપતિ

વિશ્વની અન્ય સંસ્કૃતિઓનો જન્મ પણ થયો ન હતો ત્યારે ભારતીય સંસ્કૃતિએ માનવજીવનના રહસ્યને જાણી લીધું હતું. આ દર્શનને આધારે જ માનવધર્મનું તેણે નિર્ધારણ કર્યું હતું. વિશ્વની અન્ય સંસ્કૃતિઓ અને મહાપુરુષોએ તેમાંથી પ્રેરણા લઈને નૂતન ધર્મોનું પ્રસ્થાન કર્યું હતું. એટલા માટે જ ભારતીય સંસ્કૃતિને સર્વધર્મોની જનનીનું અને ભારતને વિશ્વગુરુનું સન્માન પ્રાપ્ત થયું હતું. આધ્યાત્મિક ચિંતન એ ભારતીય સંસ્કૃતિનો આધાર સ્તંભ છે. સ્વામી વિવેકાનંદે સાચું જ કહ્યું હતું કે જો આપણે આપણી આધ્યાત્મિકતાને ભૂલી જઈશું તો આપણને કોઈ બચાવી શકશે નહીં.

ભારતીય સંસ્કૃતિએ જીવનનું ગહન ચિંતન કર્યું છે. પરિણામે જીવનને જોવાની કે સમજવાની ત્રિવિધ દૃષ્ટિ તેણે જગતને ભેટ આપી છે. (૧) ચર્મદૃષ્ટિ (૨) ધર્મદૃષ્ટિ અને (૩) આત્મદૃષ્ટિ.

(૧) ચર્મદૃષ્ટિ : આ દૃષ્ટિને જુદી જુદી રીતે ઓળખવામાં આવે છે. જે માત્ર આધુનિક કે દેખાવને આધારે મૂલ્યાંકન કરે છે, ચર્મદૃષ્ટિ છે. આધુનિક સંદર્ભમાં તેને ભૌતિકદૃષ્ટિ પણ કહી શકાય. એક પ્રસિદ્ધ પૌરાણિક ઉદાહરણથી આ વાત સારી પેઠે સમજી શકાશે. અષ્ટ્રાવક્ર નામના મહાન જ્ઞાની પુરુષ જનક રાજાની સભામાં ગયા ત્યારે ત્યાં બેઠેલા વિદ્વાનો અષ્ટાવક્રમાં આઠેય અંગ વાંકા જોઈને હસવા લાગ્યા. તેમને હસતા જોઈને અષ્ટાવક્રએ કહ્યું કે હું વિદ્વાનોની સભામાં આવ્યો છું કે ચમારોની ? અહીં અષ્ટાવક્રએ વિદ્વાનોની ચર્મદૃષ્ટિ પર આઘાત કર્યો છે. ગીતાની દૃષ્ટિએ આ જડ કે તમોગુણથી ઉત્પન્ન થયેલી દૃષ્ટિ છે. મોટાભાગના લોકો જગતમાં આ દૃષ્ટિ લઈને જીવે છે.

(૨) ધર્મદૃષ્ટિ : માણસ એકલો નથી. તેની સાથે પરિવાર, સમાજ અને આખું વિશ્વ છે. તેથી વ્યક્તિ એક હોવા છતાં તેનો ધર્મ અનેક પ્રકારનો થાય છે. એક જ પુરુષ કોઈનો પુત્ર, કોઈનો પિતા, કોઈનો ભાઈ તો કોઈનો પતિ હોય છે. તે દરેકની સાથે તેનો ધર્મ ભિન્ન ભિન્ન પ્રકારનો હોય છે. આ વ્યવહારધર્મ પણ એટલો જ મહત્ત્વનો છે. પણ તેમાં જો ચર્મદૃષ્ટિ આવે તો અનર્થ સર્જાય છે. જેમ કે કૈકેયીના જીવનમાં ચર્મદૃષ્ટિ આવી એટલે રામાયણ સર્જાયું.

(૩) આત્મદૃષ્ટિ : બધા જીવોમાં આત્મદર્શન કરવું એ આત્મદૃષ્ટિ છે. આત્મદૃષ્ટિની સમતા આવે છે. ગીતાની દૃષ્ટિએ આ સમત્વયોગ છે, 'સમત્વં યોગ ઉચ્યતે'. સમદૃષ્ટિમાં રહેનારો મનુષ્ય વિદ્વાન બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરો અને ચાંડાલ બધાને સમાન દૃષ્ટિથી જુએ છે. બધાંમાં આત્મદર્શન કરનારી દૃષ્ટિ જ આત્મદૃષ્ટિ છે. તેના મૂલ્યાંકનો આધાર વ્યાપકતત્ત્વ છે, તેથી તેનું મૂલ્યાંકન યથાર્થ હોય છે. આત્મદૃષ્ટિને કારણે જ મનુષ્ય લિંગ, જાતિ, દેશ, ભાષા, ધર્મ, સંપ્રદાય આદિ ભેદોથી દૂર રહી અખંડ દર્શન કરે છે. આત્મદર્શનમાં જ જીવનની સાર્થકતા છે. આ આધ્યાત્મિક દર્શનમાં જ જીવનનો સાચો વિકાસ છે. તેનાથી જ વિશ્વ કલ્યાણ કે વિશ્વશાંતિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

# એક ન માની શકાય એવી સ્ટોરી : અભિનેતા અર્ચન ત્રિવેદી : I LOVE YOU




## મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

**(ગયા અંકથી ચાલું )**

જોકે કાલ્પોહોલથી એમ છુટી શકાવાનું નહોતું.

અર્ચનભાઈએ ફેંકેલું ગોળીઓનું એ પડીકું, પાર્કિંગમાં પડ્યું, અને એ પણ ડો. પંકજ શાહની કારની ઉપર જ. ડોકટર સાહેબે એ પડીકું પડતું જોયું. તેમને થયું હશે કે લોકો પડતું મૂકે, પણ આ તો દવાઓ પણ પડતું મૂકવા લાગી. પણ તેઓ સમજી ગયા કે આ કૃત્ય કલાકારનું જ છે. તેઓ એ પડીકું લઈને અર્ચન ત્રિવેદી પાસે ગયા અને પ્રેમથી બોલ્યા, " સાજા થવું હોય તો ગોળીઓ તો ગળવી જ પડે, બેટા "



અર્ચનભાઈ કહે, પણ સાહેબ કેટલી બધી ગોળીઓ છે.

ડો. પંકજ શાહ કહે, ગોળીઓ ગણવા માટે નહી, પણ ગળવા માટે છે.

-----

એ પછી તો મુકાબલો બરાબરનો જામ્યો.

કેન્સર કહે હું જીતું, અને આ કલાકાર કહે હું હારીશ જ નહીં.

હું હારીશ તો તું જીતીશ ને.

આખા ગુજરાત - મુંબઈ સહિત તમામ કલાવિશ્વને ખબર પડી ગઈ કે ભાઈ અર્ચનને કેન્સર થયું છે.

એક દિવસ અચાનક ડૉ. પંકજ શાહ આવેને આ કલાકારને કહે કે " અર્ચન તેં તો મને અરધી રાત સુધી જગાડ્યો " અર્ચનભાઈ કહે, પણ સાહેબ, મેં તો તમને ફોન જ નહોતો કર્યો, મારી પાસે તો તમારો ફોન નંબર પણ નથી.

પંકજભાઈ કહે, તારો ફોન નહોતો આવ્યો પણ તારા માટે ઘણા ફોન આવ્યા હતા. મૃણાલિનીબહેન, મલ્લિકાબેહન, શ્રેયાંસભાઈ, સ્મૃતિબહેન, કૈલાસભાઈ (નાયક), ચિનુ મોદી.. સતત ફોન આવતા જ રહ્યા. બધાનું કહેવું હતું કે આ છોકરો કોઈ પણ સંજોગોમાં જીવવો જોઈએ. પંકજભાઈ કહે કે તું તો વીઆઈપી પેશન્ટ છે હોં.

ખરેખર, કલાકાર માત્ર વીઆઈપી હોય છે. લોકોનો પ્રેમ કલાકારને ઊંચકીને વીઆઈપી કેટેગરીમાં મૂકી દેતો હોય છે.

હવે અહીં આ કલાકારે થોડું થોડું લખવાનું શરૂ કર્યું, ખબર પૂછવા આવતા લોકોને એ કહેતો, મારા માટે પોસ્ટકાર્ડ લેતા આવજો. દરેક સ્થિતિને, પોતાના શરીરના બદલાતા આકાર-પ્રકારને અર્ચનભાઈ હસતાં હસતાં સ્વીકારે. નખ કાળા પડી જાય તો એ હસતો હસતો બધાને કહે કે, મેં કાળી નેઇલ પોલીસથી નખ રંગવાનું શરૂ કર્યું છે.

-----

મિત્રો મળવા આવે તો એ મહેફિલ ભરે અને અર્ચનભાઈની ખબર પૂછવા આવનાર મિત્રોને પોતે સાજા થઈને પરત જતા હોય એવી અનુભૂતિ થતી. એટલું બધાયને આ કલાકર હસાવે અને પોતેય હસે

એક વખત ગુજરાત સમાચાર વતી જાણીતા હાસ્યલેખક અશોક દવે તેની ખબર પૂછવા ગયા. એ તો આ કલાકારનો પ્રસન્ન મિજાજ જોઈ જ રહ્યા. તેમને થયું હશે કે અર્ચનને કેન્સર નથી થયું, પણ કેન્સરને અર્ચન થયો લાગે છે.

કોઈ શોક નહી, કોઈ દુઃખ નહી, કોઈ ચિંતા નથી. હાસ્યની રેલમછેલ અને પ્રસન્નતાનાં છાંટણાં. અશોકભાઈએ પોતાની લોકપ્રિય કોલમ બુધવારની બપોરેમાં, અર્ચન ત્રિવેદી વિશે લેખ લખ્યો. કોઈ વ્યક્તિવિશેષ વિશે ના લખવાની ગુજરાત સમાચારની નીતિમાં અપવાદ કરીને લખાયેલા આ લેખનો પ્રતિસાદ પ્રચંડ હતો. ૧૮,૦૦૦ પત્રો મળ્યા. ગુજરાત અર્ચન ત્રિવેદીને કેટલો ચાહે છે, તેનો એવીએમ મશીનમાં ચેડાં કર્યા વિનાનો આ એકદમ સ્પષ્ટ ચૂકાદો હતો.

અર્ચન ત્રિવેદી એ પત્રોને જોતા જ રહેલા અને વિચારતા કે મારે મારા આ ચાહકો અને સ્વજનો માટે પણ જીવવું જોઈએ.

ભાઈશ્રી અર્ચન ત્રિવેદીએ દરેકે-દરેક- ૧૮૦૦૦ - પત્રોના પોતાના સગા હાથે, સ્વહસ્તે જવાબો આપ્યા હતા

-----

કેન્સર હોસ્પિટલમાં દરેક દરદીના રૂમની બહાર વિગત લખાય. સર્જરી કે મેડિકલ સ્ટેજ અનુસાર તેની નોંધ હોય.

બે મહિના પછી અર્ચનના રૂમની બહારના પાટિયા પર લખાયું - અર્ચન આવાસ.

પાટિયા પર કેન્સરની વિગતને બદલે અર્ચનનું નામ લખાયું એનો એક અર્થ એવો કે રુમમાં હવે કેન્સર નથી, અર્ચન છે.

-----

૧૬મી જુલાઈ ૧૯૯૨નો દિવસ ચિંતા લઈને ઉગ્યો.

અર્ચન ત્રિવેદીને લોહીના ડાયરિયા થઈ ગયા. એક નહીં ૧૧ ડાયરિયા. ડોકટરોએ તરત જ આ કલાકારના તમામ સગાં-વહાલાંને બોલાવી લીધાં. તેમને લાગ્યું કે હવે અર્ચનનો અંત નજીક છે.

જોકે અર્ચનભાઈ એકદમ મજબૂત હતા. તે બધાંને કહેતા હતા કે કોઈ રડશો નહી. મને કશું જ થવાનું નથી. હું જીતવાનો છું, હું જીવવાનો છું.

વળી જાણે બ્રહ્મજ્ઞાન થયું હોય તેમ આ કલાકાર સૌને કહેતા કે આ લોહીમાં મારા શરીરનું કેન્સર બહાર નીકળી રહ્યું છે.

એ લોહીના ડાયરિયા ત્યાંનાં કર્મચારી સવિતા બા સાફ કરતાં હતાં. (આ વાત કહેતી વખતે અર્ચનભાઈ રડી પડે છે. એક વાર નહીં, વારંવાર) એ દશ્ય અર્ચનભાઈને હજી આજે પણ યાદ છે.

પોતાના લોહીના ઝાડાને સાફ કરતાં સવિતા બાને અર્ચનભાઈએ ભીના સ્વરે કહ્યું હતું, 'આઈ લવ ય'

અને સવિતા બા હસી પડ્યાં. બસ એ દિવસથી ભાઈઅર્ચને આ સંસારની પ્રત્યેક વ્યક્તિને આઈ લવ યુ કહીને ચાહવાનું શરૂ કર્યું. બધાને પ્રેમ કરવો અને પ્રેમ પામવો. કેમ કે તેઓ માનતા કે આ સંસારમાં પ્રેમથી મોટું કોઈ જીવનતત્વ જ નથી. એ દિવસથી આજ સુધી અર્ચનભાઈ લાખો લોકોને આઈ લવ યુ કહી ચૂક્યા છે.

આ પૃથ્વી પર કદાચ કોઈ વ્યક્તિએ આટલી બધી વ્યક્તિને આઈ લવ યુ નહીં કહ્યું હોય. એ રીતે જોઇએ તો ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડવાળાના ધ્યાનમાં આ વાત નથી આવી એનો અર્થ એ કે તેઓ ધ્યાન રાખીને પોતાનું કામ કરતા નથી.

-----

અઢી વર્ષના જંગ પછી એક દિવસ સોનેરી સવાર ઊગ્યું.

કેન્સર હાર્યું અને અર્ચનભાઈ જીત્યા.

છેલ્લા દશ્યમાં નાયક હસતો હસતો બધાની સામે હાજર થયો. ત્રણેય પ્રકારનાં કેન્સર મટી ગયાં. અર્ચન ત્રિવેદીના પોઝિટિવ મિજાજની જીત થઈ. તેના લાખો ચાહકોની પ્રાર્થના ફળી.

એ પછી સાજા થયેલા આ કલાકારને એક સરસ કામ મળ્યું. અર્ચનને પોતાની સારવારના ખર્ચનો બરાબર હિસાબ રાખ્યો હતો. રૂ/- ૨,૮૬,૦૦૦/- થયા હતા. ગુજરાત સરકારે તેને કેટલીક મદદ કરી હતી. આ મદદ કરાવનાર સુભાષ બ્રહ્મભટ્ટને લઈને અર્ચન તત્કાલીન સાંસ્કૃતિક મંત્રી નરહરિ અમીન પાસે ગયો. કહે, સાહેબ, હું સાજો થઈ ગયો છું, કમાવા પણ લાગ્યો છું. ગુજરાત સરકારે જે મદદ કરી હતી તે પરત આપવા આવ્યો છું.

નરહરિ અમીન હસતાં હસતાં કહે, અમે જો રકમ પરત લઈએ, તો આ રીતે અમે જેને જેને રકમ ચૂકવી હોય તે તમામની રિકવરી કરવી પડે.

આવું તો ઘણામાં બન્યું. હવે શું કરવું. જેમને પૈસા પરત ના લીધા તેમનું ઋણ કેવી રીતે ઉતારવું.

ડો. પંકજ શાહે તેનો એક સરસ રસ્તો બતાવ્યો. કેન્સર વિભાગનાં બાળ દરદીઓ માટેની એક દત્તક યોજના હોય છે. અર્ચનભાઈએ એ યોજના સ્વીકારી. ઘરની લોનનો હપ્તો ભરવાનું રહી જાય તો ચાલે, દર મહિને કેન્સર બાળ દરદીનો હપ્તો તો અચૂક ભરવાનો. ૧૯૯૩ થી ૨૦૧૪ સુધી અર્ચનભાઈએ નિયમિત રીતે પૈસા ચૂકવ્યા અને સમાજે પોતાને જે મદદ કરી હતી તેનો આ રીતે પ્રતિસાદ આપ્યો.

**અનુસંધાન પાના નં. ૭ પર**



# દમનો અકસીસ ઉપાય - કાજવિજય ચૂર્ણ

## આરોગ્ય-દર્શન

ડો. શ્રીરામ જી વૈદ્ય

**(પ્રથમ મણકો)**

મારા એક સંબંધી ચારેય મહિના પહેલાં ચિંતાતુર વદને મને મળવા આવ્યા તેઓ વડીલ હતા. થોડી ઘણી વાતો બાદ એમણે એમની અસ્થામાની તકલીફ બતાવતા કહ્યું કે ધીમે ધીમે આ તકલીફ વધતી જાય છે. દમની આ તકલીફ વારસાગત હોવાનું તેમણે ક્યાંકથી સાંભળ્યું હતું. આ દમની તકલીફ છેલ્લાં ૧૫ વર્ષથી તેમણે હતી. તેમની પૈસાની અછત ન હતી. જેથી તમામ પેથોલોજીક રીપોર્ટ અને તમામ પ્રકારની દેશી, વિલાયતી, હોમિયોપેથીની દવાઓ કરેલ, ચરી પણ નિયમિત પાળતા. દમની એલર્જી માટેની રસી પણ પીધેલ. પાશ્ચાત્ય ડૉકટરોએ કહેલ કે હું ધૂળ - રજની એલર્જીના રસીથી દૂર થઈ જશે. પણ તેમાં પણ ખાસ ફેર નહોતો. પંપના લગાતાર અને સતત ઉપયોગ કરવા છતાં પરિણામ ન મળવાથી કંટાળી ગયા હતા. જેથી છાતીમાં દુઃખાવો થતો હતો. બે વખત ઈલાજમાં લંડન - અમેરિકા જઈ આવ્યા હતા ત્યાં પણ દવાઓ અને ઈલાજ કરવા છતાં ખાસ ફેર પડતો ન હતો. બ્લડ રિપોર્ટમાં ESR, Eoninophil, WBC અને LyMphocyts વધતા જતા હતા. ધીમે ધીમે શરીર કૃશ - ક્ષીણ ઢીલું પડતું જતું હતું. શક્તિનો અભાવ એટલે અશક્તિ અને બેચેની વધતી જતી હતી. કામ કરવાનું મન થતું ન હતું. આ તમામ લક્ષણો સ્વાભાવિક હતા, કારણ કે આ રોગ સામે લડતાં - લડતાં કોઈ પણ મનુષ્યની રોગપ્રતિકારક અને જીવનીય શક્તિ ઓછી થતી જાય છે.

તેમનાં બાળકોમાં પણ શરદી-કફની પ્રકૃતિ હતી. બાળકોમાં પણ શરદી - કફની તકલીફ ઉંમર વધતા વધતી જતી હતી. એમને પણ દમની તકલીફ થઈ જશે એવી ચિંતા ડર સતત રહ્યા કરતો હતો. આ બધી તકલીફો એમની ચિંતાનું મુખ્ય કારણ હતું. તેમમે અને તેમના બાળકોમાં સ્નીઝીંગની તકલીફ એટલે કે છીંકો, ઉંધરસ નાકમાંથી પાણી પડવુ, ખાંસી વગેરે વધતી જતી હતી.

આ રોગની વિશેષતા ગણો તો તે અને રોગના હુમલા જે તેમને થતાં તે એટલા વિચિત્ર હતા કે તેમની દમ-સસણીની તકલીફ અધિક થઈ જતી. ઉનાળા કરતાં શિયાળા-ચોમાસામાં દમની તકલીફ તેમને વધુ થતી. એમાં પણ જો તેઓ શિયાળામાં મુસાફરી કરે તો ધૂળ-રજની એલર્જીને લીધે તથા જો સ્હેજ પણ ચોમાસામાં વાતાવરણ બદલાય એટલે કે વાદળાં થાય તો તેઓ આ રોગથી ત્રાસીને ત્રાહિમામ પોકારી ઉઠતા. ગુજરાતમાં ૨૦ જૂનથી વરસાદ ચાલુ થાય છે. દમમાં ઘણા દર્દીઓ એવા પણ છે કે જેઓને દમની તકલીફ પ્રથમ વરસાદ પડતા માટી ભીંજાઈને સુગંધ આવે કે તરત દમની તકલીફ થાય છે.

**(ક્રમશ)**